# Gujrat Police Constable

## Previous Year Paper

### (Lokrakshak)

### (23 Oct 2016)

Adda247

Test Prime

ALL EXAMS, ONE SUBSCRIPTION

1,00,000+ Mock Tests

Personalised Report Card

Unlimited Re-Attempt

600+ Exam Covered

25,000+ Previous Year Papers

500% Refund

IBPS

NABARD

ATTEMPT FREE MOCK NOW

Adda247
GET IT ON Google Play

*This Question Paper contains 16 printed pages.*

| પ્રશ્નપુસ્તિકાનો કોડ Question Paper Booklet Code |
|---|
| **01** |

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :

***Time : 60 Minutes]*** ***[Maximum Marks : 100***

ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :

1) દરેક પ્રશ્નોના સરખા માર્ક્સ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.

2) સૌ પ્રથમ પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડ્યા વગર, તેમાં સામેલ (Inserted) ઉત્તરવહી (OMR Sheet) કાળજીપૂર્વક બહાર કાઢવાની રહેશે. આ ઉત્તરવહી (OMR Sheet) માં કરચલી પડે નહી કે વળે નહી તેની ખાસ કાળજી લેવી અને કલાક 12:00 વાગે પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડવાનું રહેશે.

3) ઉમેદવારે ઉપરોક્ત પ્રશ્ન પુસ્તિકાનો કોડ અને ક્રમાંક તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે અને જો દર્શાવવામાં નહી આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વંચાણે લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.

4) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય, મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર, વિજાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. પાછળથી આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવાર પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

5) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને પૂછવાનો રહેશે. તેમજ પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈ ક્ષતિ જણાય તો તાત્કાલીક વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.

6) ઉત્તરવહી ભરવા માટે ફક્ત ભૂરી અથવા કાળી બોલ પોઈન્ટ પેન વાપરવાની રહેશે.

7) દરેક સાચા ઉત્તર(જવાબ) નો 01(એક) માર્ક્સ છે. ઉત્તરવહીમાં જો કોઈપણ વિકલ્પ પસંદ નહિ કરે તો તેને કોઈ માર્ક્સ મળશે નહી અને કપાશે પણ નહી. જ્યારે દરેક ખોટા ઉત્તર દીઠ 0.25 માર્ક્સ નેગેટીવ (-) માર્ક્સ તરીકે કપાત કરવામાં આવશે. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

8) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તર વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવું. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણવામાં આવશે. આ ઉપરાંત વર્તુળમાં કોઈપણ પ્રકારની છેકછાક કરેલ જવાબોને પણ ખોટા જવાબો ગણવામાં આવશે. આવા ખોટા જવાબો દીઠ 0.25 માર્ક્સ નેગેટીવ (-) માર્ક્સ તરીકે કપાત કરવામાં આવશે જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવું. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

9) ઉત્તરવહીના કોઈ વર્તુળ (A,B,C,D જવાબ) માં ભુલથી પણ ટપકું થયું હશે તો પણ કોમ્પ્યુટર એસેસમેન્ટમાં તેને જવાબ ગણી લઈ શકે છે. જેથી તમામે ઉત્તરવહી (OMR Sheet) માં સાવધાનીથી પેનનો ઉપયોગ કરવા ગંભીર નોંધ લેવી.

10) પરીક્ષા દરમ્યાન વર્ગખંડ નિરીક્ષક આપની પાસે હાજરી પત્રક લઈને આવશે તેમાં ઉમેદવારે પોતાની ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભરી હાજરી પત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.

11) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં કરી શકાશે.

12) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં છે. પરીક્ષા પૂર્ણ થયા પછી ઉત્તરવહી (OMR Sheet) માંની ત્રીજી ઉમેદવાર કોપી (Candidate's Copy) વર્ગખંડ નિરીક્ષક (Invigilator) અલગ કરી ઉમેદવારને આપશે. જે ઉમેદવારે લઈ જવી. ઉમેદવારે જાતે આ ત્રીજી કોપી અલગ પાડવી નહી. જેની ખાસ નોંધ લેવી.

1) ISRO (ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન) એ તાજેતરમાં સપ્ટેમ્બર-2016 માં એકી સાથે કેટલા ઉપગ્રહ (સેટેલાઈટ) સ્પેસ (space) માં મોકલ્યા ? Answer B

(A) 4
(B) 8
(C) 12
(D) 16

2) કુસ્તીમાં ઓલમ્પીકમાં મેડલ જીતવાવાળી પ્રથમ ભારતીય મહિલા કોણ છે ? Answer - B

(A) પી.વી. સંધુ
(B) સાક્ષી મલિક
(C) ગીતા ફોગટ
(D) દીપીકા કુમારી

3) પૅરા ઓલમ્પીક ગેમ્સ-2016 માં તાજેતરમાં દીપા મલિક એ કઈ રમતમાં મેડલ જીતેલ છે ? Answer - B

(A) ઊંચી કૂદ
(B) શોટ પુટ (ગોળા ફેંક)
(C) ભાલા ફેંક (જેવીલીન થ્રો)
(D) લાંબી કૂદ

4) કયા પ્રથમ ભારતીયે પૅરાઓલમ્પીકમાં બે ગોલ્ડ મેડલ જીત્યા ? Answer - A

(A) દેવેન્દ્ર જાજરીયા
(B) મૅરીયપન તેંગવેલુ
(C) વરૂણ ભાટી
(D) રાજેન્દ્ર સિંહ રાહેલુ

5) રાષ્ટ્રીય રમતોમાં ગુજરાત સૌથી વધારે 10 ગોલ્ડ મેડલ ક્યારે જીત્યું ? Answer - D

(A) 1985, નવી દિલ્હી
(B) 1997, કર્ણાટક
(C) 2007, આસામ
(D) 2015, કેરાલા

6) રીઓ ઓલમ્પીક-2016 માં 100 મીટર દોડમાં ગોલ્ડ મેડલ મેળવનાર ઉસેન બોલ્ટ કયા દેશના વતની છે ? Answer - B

(A) અમેરીકા
(B) જમૈકા
(C) સાઉથ આફ્રીકા
(D) ઈંગ્લેન્ડ

7) તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ યોગાની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કોણે કર્યું ? Answer - B

(A) રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી
(B) ઉપરાષ્ટ્રપતિ શ્રી હામિદ અન્સારી
(C) પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી
(D) ગૃહ મંત્રી શ્રી રાજનાથ સિંહ

Adda247 GET IT ON Google Play

**8)** 2016 ના વિમ્બલ્ડન ટેનીસ ચેમ્પીયનશીપમાં પુરૂષોની વિમ્બલ્ડન ટ્રોફી કોણે જીતી ?

(A) એન્ડી મુરે (B) મિલોસ રાઉનીક Answer - A

(C) રોજર ફેડરર (D) રફેલ નાડાલ

**9)** ફ્રેન્ચ ઓપન ટેનીસ ચેમ્પીયનશીપ-2016 માં મીક્સ ડબલ્સનો ખિતાબ કોણે જીત્યો ? Answer - A

(A) લિયેન્ડર પેસ – માર્ટીના હિંગીસ (B) સાનિયા મિર્ઝા – ઈવાન કોડીક

(C) સાનિયા મિર્ઝા – રોહન બોપન્ના (D) વિનસ વિલીયમ – રાજીવ રામ

**10)** નીચેમાંથી કયું લીપ વર્ષ નથી ? Answer - B

(A) 2008 (B) 1800

(C) 19080 (D) 440

**11)** યોગ્ય વિકલ્પ પસંદ કરી શ્રેણી પૂરી કરો. Answer - C

3, 4, 9, 6, 27, 8, ...........

(A) 64 (B) 10

(C) 81 (D) 54

**12)** સમસંબંધને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો. Answer - A

મકાન : દિવાલ :: દેશ : ?

(A) સરહદ (B) રાજ્ય

(C) સમુદ્ર (D) સૈન્ય

**13)** એક સ્ત્રીએ પુરૂષને આંગળી ચીંધીને કહ્યું કે તેના ભાઈનો પિતા એ મારા દાદાનો એક માત્ર પુત્ર છે. તો સ્ત્રીનો પુરૂષ સાથે શો સંબંધ હશે ? Answer - A

(A) પુરૂષની બહેન છે. (B) પુરૂષની મા છે.

(C) પુરૂષની દીકરી છે. (D) પુરૂષની દાદી છે.

**14)** જો 1 જાન્યુઆરી 2014 ના રોજ બુધવાર હોય તો 1 જાન્યુઆરી 2015 ના રોજ કયો વાર હશે ?

(A) રવિવાર (B) બુધવાર Answer - C

(C) ગુરૂવાર (D) શુક્રવાર

Adda247 GET IT ON Google Play

15) 10 માણસો એક કામ 10 દિવસમાં પુરૂ કરે છે જો કામ એક દિવસમાં પુરૂ કરવું હોય તો કેટલા માણસો જોઈએ ? Answer - C

(A) 20 (B) 50

(C) 100 (D) 200

16) કઈ સંખ્યા સૌથી મોટી છે ? Answer - A

(A) –10 (B) – 20

(C) – 30 (D) – 40

17) 1000 × 0.05 × .01 × 100 Answer - C

(A) 0.5 (B) 5

(C) 50 (D) 500

18) 400 + 50 + 3000 – 200 + 6 Answer - A

(A) 3256 (B) 3656

(C) 3156 (D) 3356

19) 'અ', ભારતનો નાગરિક ઓસ્ટ્રેલિયામાં જઈ ખૂન કરીને ભારત પરત આવી જાય છે. ભારતમાં આવ્યા બાદ આ ગુનાની જાણ થાય છે. Answer - B

(A) 'અ' ભારતમાં ગુનો ન કરેલ હોઈ ભારતીય ફોજદારી ધારા હેઠળ જવાબદાર ઠરશે નહીં.

(B) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ભારતીય ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.

(C) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ઓસ્ટ્રેલિયાનાં ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.

(D) 'અ' જો ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયા જાય તો જ તેની સામે ઓસ્ટ્રેલિયાનાં ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.

20) ભારતીય ફોજદારી ધારા અન્વયે ''ગેરકાયદેસર મંડળી'' માં ન્યુનત્તમ કેટલા સભ્યો હોવા જોઈએ ? Answer - A

(A) પાંચ (B) સાત

(C) આઠ (D) નવ

**21)** 'અ' અને 'બ' જાહેર સ્થળે એકબીજા સાથે મારામારી કરી જાહેર શાંતિનો ભંગ કરે છે. નીચેના પૈકી તેઓ કયા ગુના માટે જવાબદાર ઠરી શકે ? Answer - B

(A) ગેરકાયદેસર મંડળીનાં સભ્યો (B) બખેડો

(C) હુલ્લડ (D) બિગાડ (મિસચિફ)

**22)** ભારતીય ફોજદારી ધારો ઘડવામાં કોનું પ્રદાન રહેલ છે ? Answer - C

(A) લોર્ડ માઉન્ટબેટન (B) સર ફ્રેડરિક પોલોક

(C) લોર્ડ મેકોલે (D) લોર્ડ વિલિયમ બેન્ટિક

**23)** ભારતીય ફોજદારી ધારા અન્વયે ''ગુનાહિત કાવત્રા'' માં ન્યુનત્તમ કેટલાં વ્યક્તિ હોવા જોઈએ ? Answer - A

(A) બે (B) ત્રણ

(C) પાંચ (D) સાત

**24)** 'અ', 'બ' ને પાઈપથી પગ પર ફટકો મારે છે, પરિણામે 'બ' ને પગે ફ્રેક્ચર થાય છે તથા તેને બે દિવસ હૉસ્પિટલમાં સારવાર લેવી પડે છે. અહીં 'અ' કયા ગુના માટે જવાબદાર ઠરશે ? Answer - B

(A) સાદી ઈજા (B) ગંભીર ઈજા

(C) ઈરાદાપૂર્વકની સાદી ઈજા (D) ખૂનનો પ્રયત્ન

**25)** ભારતીય ફોજદારી ધારામાં કેટલી કલમો છે ? Answer - B

(A) 1 થી 489 (B) 1 થી 511

(C) 1 થી 598 (D) 1 થી 623

**26)** 'ખૂન' માટેની ભારતીય ફોજદારી ધારા અન્વયેની સજાની જોગવાઈ કઈ કલમમાં છે ? Answer - D

(A) 299 (B) 300

(C) 301 (D) 302

Adda247 GET IT ON Google Play

27) 'અ' ઘરેણાંની ચોરી કરવાનાં ઈરાદાથી ઘરેણાંની પેટી તોડે છે. પરંતુ પેટીમાં ઘરેણાં નથી. અહીં 'અ' ......... Answer - B

(A) ચોરીનાં ગુના માટે જવાબદાર છે.
(B) ચોરી કરવાનો પ્રયત્નનાં ગુના માટે જવાબદાર છે.
(C) મિલકતની ગુનાહિત ઉચાપત કરે છે.
(D) કોઈ ગુનો કરતો નથી.

28) 'અ', 'બ' ની માલિકીનાં બળદને મારી નાખે છે. અહીં 'અ' ભારતીય ફોજદારી ધારા હેઠળ કયો ગુનો કરે છે ? Answer - C

(A) સાપરાધ મનુષ્ય વધ (B) ખૂન
(C) બિગાડ (D) મિલકતની ગુનાહિત ઉચાપત

29) નીચેનામાંથી કઈ ભારતીય બંધારણ માન્ય ભાષાઓની યાદીમાં નથી ? Answer - C

(A) નેપાલી (B) ગુજરાતી
(C) રાજસ્થાની (D) સિંધી

30) ભારત દેશના બંધારણીય વડા છે – Answer - B

(A) ભારતના વડાપ્રધાન (B) ભારતના રાષ્ટ્રપતિ
(C) ભારતના મુખ્ય ન્યાયાધીશ (D) ભારતના નાયબ વડાપ્રધાન

31) ભારતમાં રાજ્યના રાજ્યપાલ (ગવર્નર) ની નિમણુંક કોણ કરે છે ? Answer - D

(A) વડાપ્રધાન (B) રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(C) ભારતની સંસદ (D) ભારતના રાષ્ટ્રપતિ

32) ભારતીય બંધારણમાં પ્રસ્તાવનામાં સમાજવાદી શબ્દ કયા સુધારાથી ઉમેરવામાં આવ્યો ?

(A) પ્રથમ સુધારો (1951) (B) પાંત્રીસમો સુધારો (1975) Answer - C
(C) બેતાલીસમો સુધારો (1976) (D) ત્રેપનમો સુધારો (1986)

33) નિમ્નલિખિત પૈકી કઈ અખિલ ભારતીય સેવા નથી ? Answer - D

(A) ભારતીય પ્રશાસનિક સેવા (B) ભારતીય પોલીસ સેવા
(C) ભારતીય વન સેવા (D) ભારતીય વિદેશ સેવા

34) ભારતીય બંધારણમાં કયા અનુચ્છેદ હેઠળ રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ થઈ શકે છે ?
Answer - C

(A) અનુચ્છેદ 200 (B) અનુચ્છેદ 300
(C) અનુચ્છેદ 356 (D) અનુચ્છેદ 370

35) રાજ્યસભાના વર્તમાનમાં સભાપતિ કોણ છે ? Answer - C

(A) સુમિત્રા મહાજન (B) અરૂણ જેટલી
(C) હામીદ અંસારી (D) પ્રણવ મુખર્જી

36) ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે લાયકાત ન્યૂનત્તમ વય છે - Answer - C

(A) 25 વર્ષ (B) 30 વર્ષ
(C) 35 વર્ષ (D) કોઈ ન્યૂનત્તમ વય મર્યાદા નથી.

37) હાઈકોર્ટની બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) રીટની સત્તા બંધારણના કયા અનુચ્છેદ મુજબ છે ?
Answer - B

(A) અનુચ્છેદ 32 (B) અનુચ્છેદ 226
(C) અનુચ્છેદ 154 (D) અનુચ્છેદ 201

38) સૌર પરિવારનો સૌથી મોટો ગ્રહ કયો છે ? Answer - B

(A) બુધ (B) ગુરૂ
(C) પૃથ્વી (D) મંગળ

39) રીક્ટર (રિચર) માપક્રમ શું માપે છે ? Answer - B

(A) મેગ્માનું તાપમાન (B) ભૂકંપની તીવ્રતા
(C) ભૂકંપની વ્યાપકતા (D) સીરભંગ પ્રક્રિયા

40) કયા પ્રકારના ખડકો પ્રાથમિક કે મૂળ ખડકો છે ? Answer - D

(A) પ્રસ્તર (B) રૂપાંતરિત
(C) સેન્દ્રિય (D) આગ્નેય

41) સૌથી વધુ સખત ખનીજ કઈ છે ? Answer - B

(A) ટાલ્ક (B) હીરો
(C) સલ્ફર (D) જિપ્સમ

Adda247 GET IT ON Google Play

42) સૂર્યના પારજાંબલી કિરણોને શોષી લેનાર કયો વાયુ છે ? Answer - B

(A) હિલિયમ (B) ઓઝોન

(C) ક્રિપ્ટોન (D) ઓર્ગન

43) કયા સાધનથી ભેજના પ્રમાણની આપોઆપ નોંધ લેવાય છે ? Answer - A

(A) હાઈગ્રોમીટર (B) વર્ષામાપક

(C) એનિમોમીટર (D) બેરોમીટર

44) 'ભારતનો સંત્રી' એટલે શું ? Answer - D

(A) હિંદ મહાસાગર (B) કચ્છનો અખાત

(C) અરવલ્લી પર્વત (D) હિમાલય પર્વત

45) કયા શહેર પાસેથી ભારતનો પ્રમાણસમય નક્કી થયેલો છે ? Answer - B

(A) વારાણસી (B) અલ્હાબાદ

(C) કોલકાતા (D) પટણા

46) 1024 બીટ્સ = _________ Answer - A

(A) 1 KB (B) 1 MB

(C) 1 TB (D) એકપણ નહીં.

47) WAN નું પુરૂ નામ લખો. Answer - C

(A) Wireless Are Network (B) Wall Area Network

(C) Wide Area Network (D) Wi-Fi Area Network

48) નીચેનામાંથી કયો વિકલ્પ ઈંટરનેટ સાથે સંબંધીત છે ? Answer - A

(A) URL (B) DMP

(C) BPM (D) URK

49) નીચેનામાંથી કયો વિકલ્પ ઈંટરનેટ શોધ એંજીન નથી ? Answer - D

(A) Google (B) Yahoo !

(C) Bing (D) King

50) ઈમેલ માં CC નો અર્થ શું છે ? Answer - C

(A) Cut & Copy (B) Copy Case
(C) Carbon Copy (D) એકપણ નહીં.

51) ............ એ ઓપરેટીંગ સિસ્ટમનું નામ નથી. Answer - D

(A) Window XP (B) Linux
(C) Ubuntu (D) Apple

52) વિદ્યાર્થીઓના નામ સરનામાં કોમ્પ્યુટરમાં સ્ટોર કરવા માટે કયા સોફ્ટવેરનો ઉપયોગ થાય ? Answer - D

(A) Word (B) Power Point
(C) Write (D) Access

53) OCR નું પુરૂ નામ ... Answer - A

(A) ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નીસન (B) ઓલ કેરેક્ટર રેકગ્નીસન
(C) ઓલ્ડ કેરેક્ટર રેકગ્નીસન (D) એકપણ નહીં.

54) PDF નો અર્થ થાય છે. Answer - C

(A) પ્યોર ડોક્યુમેંટ ફોર્મેટ (B) પ્યોર ડોક્યુમેંટ ફોન્ટ
(C) પોર્ટેબલ ડોક્યુમેંટ ફોર્મેટ (D) એકપણ નહીં.

55) ઈન્ટરનેટના સંદર્ભમાં ISP નું આખું નામ ........ થાય છે. Answer - A

(A) Internet Service Provider (B) Internet Show Provider
(C) Internet Speed Provider (D) Internet Space Provider

56) રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરેલ ? Answer - C

(A) રાજારામ મોહન રાય (B) સ્વામી રામકૃષ્ણ
(C) સ્વામી વિવેકાનંદ (D) સ્વામી દયાનંદ સરસ્વતી

57) સન્ 1526 ઈ.માં પાણીપતનું પ્રથમ યુદ્ધ કોના વચ્ચે થયેલ ? Answer - D

(A) અકબર તથા હેમૂ વચ્ચે (B) રાણા સાંગા તથા ઔરંગજેબ વચ્ચે
(C) બાબર તથા હેમૂ વચ્ચે (D) બાબર તથા ઈબ્રાહીમ લોધી વચ્ચે

Adda247 GET IT ON Google Play

58) મધ્યકાલીન ભારતમાં 'મુહમ્મદાબાદ' તરીકે પ્રસિદ્ધ સ્થળ હતું – Answer - D

(A) અમદાબાદ (B) કચ્છ
(C) પાટણ (D) ચાંપાનેર

59) 'જલિયાંવાલા બાગ' ક્યાં સ્થિત છે ? Answer - B

(A) ચંડીગઢમાં (B) અમૃતસરમાં
(C) જાલંધરમાં (D) પઠાણકોઠમાં

60) બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના સંસ્થાપક કોણ હતા ? Answer - B

(A) બાલ ગંગાધર તિલક (B) મદન મોહન માલવીય
(C) એની બીસેંટ (D) સરદાર પટેલ

61) ભારતના પ્રથમ ગવર્નર જનરલ કોણ હતા ? Answer - A

(A) વિલિયમ બૈન્ટિક (B) લોર્ડ વિલિંગ્ડન
(C) લોર્ડ મૈકાલે (D) લોર્ડ હેસ્ટીંગ્જ

62) ભારતમાં 'થિયોસોફીકલ સોસાયટી' ની સ્થાપના કોણે કરેલ હતી ? Answer - C

(A) સ્વામી વિવેકાનંદ (B) બાલ ગંગાધર તિલક
(C) એની બીસેંટ (D) મહર્ષિ અરવિંદ

63) 'ઈન્ડિકા' પુસ્તકના રચયિતા છે – Answer - D

(A) કૌટિલ્ય (B) હ્યુએન ત્સાંગ
(C) ફાહ્યાન (D) મૈગેસ્થનીજ

64) 1853 માં ભારતમાં સર્વપ્રથમ રેલ્વે લાઈનની શરૂઆત કયા બે સ્ટેશન વચ્ચે થયેલ ? Answer - B

(A) દિલ્લી – મુંબઈ (B) મુંબઈ – ઠાણે
(C) મુંબઈ – પુણે (D) દિલ્લી – અમદાવાદ

65) જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે તે વ્યક્તિને તે માટેના કારણોની જાણ કરવી ...Answer - C

(A) જરૂરી નથી. (B) તેના વકીલ માંગણી કરે તો જ.
(C) ફરજીયાત છે. (D) પોલીસ અધિકારી ઈચ્છે તો જ.

Adda247 GET IT ON Google Play

66) પત્ની, સંતાનો અને માતાપિતાના ભરણપોષણ માટેનો હુકમ કરવાની જોગવાઈ સી.આર.પી.સી. ની કઈ કલમમાં છે ? Answer - C

(A) સી. આર. પી. સી. કલમ - 13 (B) સી. આર. પી. સી. કલમ - 25

(C) સી. આર. પી. સી. કલમ - 125 (D) સી. આર. પી. સી. કલમ - 1

67) સી. આર. પી. સી. ની કલમ - 107 અનુસાર સંબંધિત વ્યક્તિએ સુલેહ-શાંતિ જાળવવા માટેની મહત્તમ મુદત શું છે ? Answer - C

(A) ત્રણ વર્ષ (B) બે વર્ષ

(C) એક વર્ષ (D) પાંચ વર્ષ

68) સી.આર.પી.સી. ની જોગવાઈઓ અનુસાર, નીચેનામાંથી કયા અધિકારી પાસેથી આદેશ મેળવીને, નોન-કોગ્નીઝેબલ ગુનાની તપાસ કરી શકાય ? Answer - D

(A) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (B) જીલ્લા પોલીસ અધિક્ષક

(C) ડી. વાય. એસ. પી. (D) જ્યુડીશીઅલ મેજીસ્ટ્રેટ-ફર્સ્ટ ક્લાસ

69) સી.આર.પી.સી. ના પ્રબંધો અનુસાર, 'ફરારી' માટેના જાહેરનામાની મુદત કેટલા દિવસની હોય છે ? Answer - D

(A) પંદર દિવસ (B) સાત દિવસ

(C) એકવીસ દિવસ (D) ત્રીસ દિવસ

70) સી. આર. પી. સી. ના પ્રબંધો સંદર્ભે, તહોમતનામાનો હેતુ શું છે ? Answer - C

(A) આરોપીને ધમકાવવો (B) તકસીરવાર ઠરાવવો

(C) આરોપીને ગુના અંગેની જાણ કરવી (D) સાક્ષી હાજર રહે તે માટે સૂચના આપવી

71) ''દસ્તાવેજ'' ની વ્યાખ્યામાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે ? Answer - D

(A) શિલાલેખ (B) ધાતુપત્ર

(C) મુદ્રિત સામગ્રી (D) ઉપરના તમામ (A), (B) અને (C)

Adda247 GET IT ON Google Play

72) ગૌણ (Secondary) પૂરાવો નીચેનામાંથી કયા સંજોગોમાં રજૂ કરી શકાય ? Answer - D

(A) જ્યારે મૂળ દસ્તાવેજનો નાશ થઈ ગયો હોય
(B) જ્યારે મૂળ દસ્તાવેજ સામા પક્ષકાર પાસે હોય
(C) જ્યારે મૂળ દસ્તાવેજ ખોવાઈ ગયો હોય
(D) ઉપરના બધાજ સંજોગોમાં (A), (B) અને (C)

73) હકીકત (FACT) શબ્દમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થાય છે ? Answer - D

(A) કોઈ વ્યક્તિ અમુક શબ્દ બોલ્યો
(B) કોઈ વ્યક્તિએ કંઈક સાંભળ્યું અથવા જોયું
(C) કોઈ વ્યક્તિની અમુક પ્રતિષ્ઠા હોય
(D) ઉપરના તમામ (A), (B) અને (C)

74) ઈન્સાફી કાર્યવાહીના કયા તબક્કે સૂચક પ્રશ્ન પૂછવામાં આવે છે ? Answer - C

(A) પુનઃ તપાસ સમયે
(B) સર તપાસ સમયે
(C) ઉલટ તપાસ સમયે
(D) સર તપાસ અને પુનઃ તપાસમાં

75) ભારતના પુરાવાના કાયદાના સંદર્ભે, નીચેનામાંથી સહતહોમતદાર કોને ગણી શકાય ? Answer - D

(A) ગુનાને નજરે જોનાર
(B) ગુનાની જગ્યા પર નિવાસ કરનાર
(C) ગુનો થયાની માહિતી હોવા છતાં પોલીસને જાણ ન કરનાર
(D) ગુનામાં સાથ આપનાર કે ભાગીદાર

76) ભારતના પુરાવાના કાયદાની કલમ-32(1) અન્વયે કરવામાં આવેલ મરણોત્તર નિવેદન (Dying Declaration) નીચેનામાંથી કઈ કાર્યવાહીમાં ગ્રાહ્ય ગણાય છે ? Answer - C

(A) દિવાની કાર્યવાહીમાં
(B) ફોજદારી કાર્યવાહીમાં
(C) (A) અને (B) બંનેમાં
(D) ઉપરમાંથી કોઈનામાં નહીં

77) ભારતના પુરાવાના કાયદા સંદર્ભે, સર તપાસ એટલે શું ? Answer - C

(A) સાક્ષીને પુરાવા સાથે બોલાવી તપાસ કરવી
(B) સાક્ષીને સોગંદ પર તપાસ કરવી
(C) સાક્ષીને બોલાવનાર પક્ષકાર દ્વારા તેની તપાસ
(D) ઉપરના તમામ

Adda247 GET IT ON Google Play

78) પાણીની ઘનતા સૌથી વધુ હોય છે. Answer - D

(A) 100° સે. પર
(B) 0° સે. પર
(C) – 4° સે. પર
(D) 4° સે. પર

79) શુદ્ધ પાણીના pH નું પ્રમાણ કેટલું હોય છે ? Answer - B

(A) 0
(B) 7.0
(C) 8.0
(D) 14.0

80) હાઈડ્રોજનને સળગાવાથી શું બનશે ? Answer - D

(A) ઓક્સિજન
(B) રાખ
(C) માટી
(D) પાણી

81) કૃત્રિમ વરસાદ માટે શાનો ઉપયોગ થાય છે ? Answer - B

(A) સોડિયમ આયોડાઈડ
(B) સિલવર આયોડાઈડ
(C) કેલ્શિયમ આયોડાઈડ
(D) સોડિયમ ઓક્સાઈડ

82) લોહીના દબાણ માપવાના સાધનને શું કહે છે ? Answer - C

(A) સ્ટેથોસ્કોપ
(B) સ્પીડોમીટર
(C) સ્ફિગ્મોમેનોમીટર
(D) સ્ફિરોમીટર

83) કયું જોડકું ખોટું છે ? Answer - C

(A) શુક્રપિંડ – ટેસ્ટોસ્ટેરોન
(B) સ્વાદુપિંડ – ઈન્સ્યુલીન
(C) પિચ્યુટરી – ઈસ્ટ્રોજન
(D) એડ્રીનલ – કાર્ટીસોલ

84) કયો પદાર્થ કાર્બનથી બનેલો નથી ? Answer - C

(A) હિરો
(B) કોલસો
(C) ચાંદી
(D) ગ્રેફાઈટ

85) લાફિંગ ગેસ તરીકે ઓળખાય છે– Answer - B

(A) નાઈટ્રોજન ડાયોક્સાઈડ
(B) નાઈટ્રસ ઓક્સાઈડ
(C) નાઈટ્રસ ડાયોક્સાઈડ
(D) નાઈટ્રોજન ઓક્સાઈડ

Adda247 GET IT ON Google Play

86) કયા રોગકારક વિષાણુના કારણે કમળો થાય છે ? Answer - A

(A) હિપેટાઈટીસ
(B) ઈ કોલાઈ
(C) ટ્યુબરકલ બેસીલસ
(D) બેસીલસ એન્થ્રેસીસ

87) 2020 ની ઓલમ્પિક રમતો કયા શહેરમાં યોજનાર છે ? Answer - A

(A) ટોકીયો
(B) વોશિંગ્ટન
(C) શાંઘાઈ
(D) મોસ્કો

88) ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ કોણ છે ? Answer - A

(A) જસ્ટીશ આર સુભાષ રેડ્ડી
(B) જસ્ટીશ કલ્પેશ જવેરી
(C) જસ્ટીશ બી. એન. કારીયા
(D) જસ્ટીશ અલ્પેશ વાય કોગજે

89) ધોળાવીરા ગુજરાતમાં કયા જિલ્લામાં આવે છે ? Answer - C

(A) બનાસકાંઠા
(B) પાટણ
(C) કચ્છ
(D) ભાવનગર

90) ‘જય જય ગરવી ગુજરાત’ કાવ્યના કવિ કોણ છે ? Answer - B

(A) કલાપી
(B) નર્મદ
(C) સ્નેહરશ્મિ
(D) કાન્ત

91) એક નોટિકલ માઈલ બરાબર : Answer - A

(A) 1.85 કિ.મી.
(B) 1.61 કિ.મી.
(C) 1.65 કિ.મી.
(D) 1.4 કિ.મી.

92) ‘ભારતની પ્રજા અતિ પ્રાચીન યુગથી પર્યાવરણ પ્રેમી રહી છે’, એમ શા પરથી કહી શકાય ? Answer - D

(A) કુટુંબ પ્રેમથી
(B) ઉત્સવ પ્રેમથી
(C) દેશ પ્રેમથી
(D) વૃક્ષ પ્રેમથી

Adda247 GET IT ON Google Play

93) ધાતુની શોધ નહોતી થઈ ત્યારે શેમાંથી બનાવેલા પાત્રો – વાસણોનો ઉપયોગ થતો હતો ?
(A) માટીમાંથી (B) અકીકમાંથી Answer - A
(C) પથ્થરમાંથી (D) લાકડામાંથી

94) પાટણનાં પટોળાંની કલા કયા રાજવીના સમયમાં વિકાસ પામી હતી ? Answer - A
(A) સિદ્ધરાજ જયસિંહના (B) મૂળરાજ સોલંકીના
(C) વનરાજ ચાવડાના (D) ભીમદેવના

95) નૃત્યના દેવાધિદેવ કોણ હતા ? Answer - A
(A) નટરાજ (B) નારદ
(C) વિષ્ણુ (D) બ્રહ્મા

96) મોઢેરાંનું સૂર્યમંદિર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ? Answer - A
(A) મહેસાણા (B) સાબરકાંઠા
(C) અમદાવાદ (D) ખેડા

97) દેલવાડાના જૈન મંદિરો કયા રાજ્યમાં આવેલા છે ? Answer - C
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત
(C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ

98) મનોવિજ્ઞાનની કઈ શાખા સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિના વર્તનને સમજવાનો પ્રયાસ કરે છે ? Answer - A
(A) સમાજલક્ષી (B) વિકાસાત્મક
(C) મનોમાપનલક્ષી (D) પર્યાવરણલક્ષી

99) કુદરતના જે સર્જનોમાં ચેતનાનો સંચાર થતો હોય તેને શું કહેવાય ? Answer - C
(A) નિર્જીવ (B) અનુવંશ
(C) સજીવ (D) વારસો

100) કઈ શૈલીમાં ઉછરેલાં બાળકો સહકારની ભાવના વગરનાં હોય છે ?
(A) આપખુદ (B) અધિકારવાદી Answer - C
(C) લાડ લડાવવાની (D) સામેલગીરી વિનાની

---------

રફકામ